# વિદ્યાર્થી પાથેય

વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ સંચાલિત

શ્રી એમ. આર. દેસાઇ આર્ટ્સ એન્ડ શ્રી ઇ.ઇ.એલ.કે. કોમર્સ કૉલેજ



ચીખલી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન

Scanned with CamScanner



સ્વાતંત્ર્ય સેનાની, સમાજસેવક અને શિક્ષણ સંવર્ધક

# સ્વ. મોહનલાલ મણિલાલ દેસાઈ

જન્મ : ૨૭-૩-૧૯૧૫ અવસાન : ૧૩-૧૧-૧૯૯૯

નિત્ય રોપાયા ભૂમિ મહીં તે આપ છો,
મૂળ કે પાયો સુદૃઢ છે તે આપ છો.
શુષ્કતા ભીનાશ બંને રૂપમાં જે છે તે આપ છો,
ખૂબ રેલાય જે વાત્સલ્ય ભાવે તે આપ છો.
વૃક્ષ સાથે ખૂબ ઘનિષ્ઠ સંબંધ છે,
અમ શીશ પર શીળી છત્રછાયા જે છો તે આપ છો.

**: પથદર્શક :**
શ્રી દર્શન એ. દેસાઈ - ચેરમેન
વિ.ઉ.કે. ટ્રસ્ટ

**: પરામર્શક :**
પ્રિ. ડૉ. એફ. એચ. દેસાઈ

**: સંકલન :**
પ્રા. આર. બી. નાયક - પ્રા. ડી. પી. પટેલ - પ્રા. એન. કે. નાયક

Scanned with CamScanner

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुदेवो महेश्वरः ।
गुरुर्साक्षात् परब्रह्मः तस्मैश्री गुरवे नमः ।।

मातृदेवो भव
पितृदेवो भव
आचार्य देवो भव
अतिथिदेवो भव

ॐ सहनाववतु सहनौभुनक्तु
सह वीर्यं करवावहै तेजस्वीनावधीतमस्तु
मा विद्विषावहै
ॐ शांतिः शांतिः शांतिः

**કાર્ય એ ભગવાન પ્રતિની શરીરની શ્રેષ્ઠ પ્રાર્થના છે.**

**– શ્રી માતાજી**



Scanned with CamScanner

# सामनस्य

संगच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम्।
देवाभागं यथा पूर्वे संजनाना उपासते।।

समानो मंत्रः समितिः समानि।
समानं मनः सहचित मैषाय।।

समानि व आकुतिः समाना ह्रदयानि वः।
समानमस्तु वो मनो यथा व सुसहासति।।

– ऋग्वेद

तू न थकेगा कभी!
तू न थमेगा कभी!
तू न मुडेगा कभी! - कर शपथ, कर शपथ, कर शपथ!
अग्निपथ! अग्निपथ! अग्निपथ!
यह महान दृश्य है--
चल रहा मनुष्य है
अश्रु - स्वेद - रक्त से लथपथ, लथपथ, लथपथ!
अग्निपथ! अग्निपथ! अग्निपथ!

**- हरिवंशराय बच्चन**

# ૐ તત્સત્

**– વિનોબા ભાવે**

ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ, પુરુષોત્તમ ગુરુ તૂ; ...
સિદ્ધ – બુદ્ધ તૂ, સ્કંદ વિનાયક, સવિતા પાવક તૂ.
બ્રહ્મ મજદ તૂ, યહવ શક્તિ તૂ; ઈશુ–પિતા પ્રભુ તૂ; ...
રુદ્ર – વિષ્ણુ તૂ, રામકૃષ્ણ તૂ, રહીમ તાઓ તૂ.
વાસુદેવ ગૌ–વિશ્વરૂપ તૂ, ચિદાનંદ હરિ તૂ; ...
અદ્વિતિય તૂ, અકાલ નિર્ભય, આત્મ–લિંગ શિવ તૂ.

- જેનો આત્મબળ પર વિશ્વાસ છે તેની હાર નથી થતી.
- કેમકે આત્મબળની પરાકાષ્ઠાનો અર્થ છે મરવાની તૈયારી
- આત્માની શક્તિને ઓળખવું – જ આત્મજ્ઞાન છે.
- આત્મા તો બેઠાં – બેઠાં દુનિયાને હલાવી શકે છે.

**– પાંડુરંગશાસ્ત્રી આઠવલે**



Scanned with CamScanner

# કલ્યાણ ભાવના

– ચિત્રભાનુ

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે,
પ્રભુ એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા, ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે.
મૈત્રીભાવનું.....
દીન ક્રૂર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરુણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.
મૈત્રીભાવનું.....
માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ માર્ગની, તો યે સમતા ચિત્ત ધરું.
મૈત્રીભાવનું.....
ચિત્રભાનુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેર-ઝેરનાં પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે.
મૈત્રીભાવનું.....

– હૃદયમાં સચ્ચાઈ હશે તો ચારિત્ર્યમાં સૌંદર્ય હશે;
– ચારિત્ર્યમાં સૌંદર્ય હશે તો ઘરમાં સંવાદિતા હશે;
– ઘરમાં સંવાદિતા હશે તો રાષ્ટ્રમાં સુવ્યવસ્થા હશે;
– રાષ્ટ્રમાં સુવ્યવસ્થા હશે તો વિશ્વમાં શાંતિ હશે.

– કોન્ફ્યુશ્યસ

# પ્રેમળ જ્યોતિ તારો દાખવી

– નરસિંહરાવ દિવેટીયા

પ્રેમળ જ્યોતિ તારો દાખવી
મુજ જીવન–પંથ ઉજાળ. ધ્રુવ...
દૂર પડ્યો નિજ ધામથી હું, ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,
મારો જીવન પંથ ઉજાળ. (૧)
ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ દૂર નજર છો ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય. (૨)
આજ લગી રહ્યો ગર્વમાં હું, ને માગી મદદ ન લગાર,
આપ–બળે માર્ગ જોઈને ચાલવા, હામ ધરી મૂઢ બાળ,
હવે માગું તુજ આધાર. (૩)
ભભકભર્યા તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ,
વીત્યાં વર્ષો ને લોપ સ્મરણથી, સ્ખલન થયાં જે સર્વ,
મારે આજ થકી નવું પર્વ. (૪)
તાર પ્રભાવે નિભાવ્યો મને, પ્રભુ આજ લગી પ્રેમભેર,
નિશ્ચે મને તે સ્થિર પગલેથી, ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમળ જ્યોતિની સેર. (૫)
કર્દમભૂમિ કળણભરેલી, ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળ કેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ,
મને પહોંચાડશે નિજ દ્વાર. (૬)
રજની જશે ને પ્રભાત ઊજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્યગણોનાં વદન મનોહર, મારે હૃદયે વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયાં હતાં ક્ષણ વાર. (૭)

# प्रभुजी ! तुम चंदन हम पानी

- रैदास

प्रभुजी ! तुम चंदन हम पानी ।
जाकी अंग अंग बास समानी ।। ध्रुव ।।
प्रभुजी तुम धन बन, हम मोरा ।
जैसे चितवत चंद चकोरा ।।१।।
प्रभुजी, तुम दीपक, हम बाती ।
जाकी जोति बरै दिन राती ।।२।।
प्रभुजी, तुम मोती, हम धागा ।
जैसे सोनहि मिलत सुहागा ।।३।।
प्रभुजी, तुम स्वामी, हम दासा ।
ऐसी भक्ति करे रैदासा ।।४।।

The true source of our national power is
our power of intellect of our wealth,
our wealth of ideas - of our resources,
our resources of human skill and energy.

- હ્યુમબર્ગ એચ. હમ્ફ્રી



Scanned with CamScanner

# મારું જીવન અંજલિ થાજો

– કરસનદાસ માણેક

મારું જીવન અંજલિ થાજો! (૨),
ભૂખ્યા કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો,
દીન–દુ:ખિયાના આંસુ લો'તાં, અંતર કદી ન ધરાજો!
મારું જીવન અંજલિ થાજો...
સતની કાંટાળી કેડી પર, પુષ્પ બની પથરાજો;
ઝેર જગતનાં જીરવી જીરવી, અમૃર ઉરનાં પાજો!
મારું જીવન અંજલિ થાજો...
વણથાક્યાં ચરણો મારાં નિત, તારી સમીપે ધાજો,
હૈયાના પ્રત્યેક સ્પંદને તારું નામ રટાજો!
મારું જીવન અંજલિ થાજો...
વમળોની વચ્ચે નૈયા મુજ, હાલકલોલક થાજો,
શ્રદ્ધા કેરો દીપક મારો, ના કદીયે ઓલવજો,
મારું જીવન અંજલિ થાજો...

માનવતાનું બીજું નામ પ્રેમ છે.
પ્રાણીમાત્ર સાથે પ્રેમ કરવામાં જ સાચી સફળતા છે.
– ગૌતમબુદ્ધ



Scanned with CamScanner

# વૈષ્ણવ જન તો તેને કહીએ

– નરસિંહ મહેતા

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે;
પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.
..... (ટેક)

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.
..... વૈષ્ણવ.

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પર–ધન નવ ઝાલે હાથ રે.
..... વૈષ્ણવ.

મોહ માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામ નામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
..... વૈષ્ણવ.

વણલોભી ને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યાં રે;
ભણે 'નરસૈયો' તેનું દર્શન કરતાં, કુળ ઈકોતેર તાર્યાં રે
..... વૈષ્ણવ

प्रजहाति यदाकामान् सर्वान् पार्थ! मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ।।

– ગીતા



Scanned with CamScanner

# ગુર્જરીના ગૃહકુંજે અમારું

– સુન્દરમ્

ગુર્જરીના ગૃહકુંજે અમારું જીવનગૂંજે ॥ ધ્રુ ॥

આંખ અમારી ખૂલી અહીં પહેલી
પગલી પડી અહીં પહેલી
અહીં અમારા યૌવન કેરી
વાદળીઓ વરસેલી ॥૧॥
અમે ભમ્યા અહીંના ખેતરમાં,
ડુંગરમાં, કોતરમાં
નદીઓમાં નાહ્યા આળોટ્યા
કુદરત પાનેતરમાં ॥૨॥
અહીં અમારાં તનધન અર્પ્યાં
પૌરુષ પ્રાણ સમર્પ્યાં
વિશ્વવાડીને સુફલિત કરવા
નસનસથી રસ અર્પ્યાં

All Power is within ypu;
you can do anything and everything
- **Swami Vivekanand**



Scanned with CamScanner

# ચલે સાધના

અવિરત ચલતી રહે સાધના
ચલે સાધના... ચલે સાધના...
અવિરત ચલતી...

પૂત ધ્યેય પાવન હૈ સાધન
ધ્યેય ઈષ્ટ અપના મનભાવન
શતદલ સે પ્રિય ઈષ્ટદેવ કી...
પ્રતિદિન હોતી રહે અર્ચના...
ચલે સાધના ...

કરતે જાયેં નવયુગ સર્જન
જનજન મેં ભર દેં નવજીવન
ધરતી કો નંદનવન કર દેં...
પૂરી હોગી તભી સાધના
ચલે સાધના ...

અવિરત ચલતી રહે સાધના
ચલે સાધના... ચલે સાધના...

Be Gentle With Yourself
You're Doing The Best You Can.
Breathe...
And Be Greatful For
Small Blessings.
- Gandhiji



Scanned with CamScanner

# સંતાન સૌ તમારાં

– કાન્ત

ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં,
કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારાં.
હિંદુ અને મુસલમિન વિશ્વાસી પારસી જિન–
દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારા. !
પોષો તમે સહુને શુભ ખાનદાન બક્ષી;
સેવા કરે બને તે, સંતાન સૌ તમારાં !
રોગી અને નિરોગી, નિર્ધન અને તવંગર,
જ્ઞાની અને નિરક્ષર: સંતાન સૌ તમારા !
વાલ્મીકિ, વ્યાસ, નાનક, મીરાં, કબીર, તુલસી.
અકબર, શિવાજી, માતા ! સંતાન સૌ તમારાં !
સૌની સમાન માતા, સૌએ સમાન તેથી;
ના ઉચ્ચ, નીચ કોઈ, સંતાન સૌ તમારાં !
ચાહો બધાં પરસ્પર, સાહો બધાં પરસ્પર !
એ પ્રાર્થના કરે આ, સંતાન સૌ તમારા !

**જેના આત્મામાં રામ છે એને આરામ છે.**

# વંદે માતરમ્

– બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

વંદે માતરમ્ !
સુજલાં સુફલાં મલયજ શીતલામ્ !
શસ્ય શ્યામલાં માતરમ્ ! વંદે ...
શુભ્ર જ્યોત્સનાં પુલકિત યામિનીમ્ !
ફુલ્લ કુસુમિત દ્રુમદલ શોભિનીમ્ !
સુહાસિની સુમધુર ભાષિણીમ્ !
સુખદાં વરદાં માતરમ્ ! વંદે ...
સપ્ત કોટિ કંઠ કલકલ નિનાદ કરાલે,
દ્વિસપ્તકોટિશભુજૈધૃત ખર – કરવાલે,
કે બોલે મા ! તુમિ અબલે ? અબલા કેન મા એત બલે !
બહુબલ ધારિણીં નમામિ તારિણીમ્
રિપુદલ વારિણીં માતરમ્ !! વંદે ...

શિક્ષણ એ આજીવિકાના સાધન તરીકે હોય તો કલા છે.
અને જીવન વિકાસ માટે હોય તો વિદ્યા છે.

– ગૌતમબુદ્ધ

# સરસ્વતીને સમર્પિત
## (મહાવિદ્યાલય ગીત)


દંડકવન કેરી વનરાજી શીત
નિર્મલ નિનાદિત કાવેરી પટ વંદિત.
તટ પર સ્થિત અમ વિદ્યાલય લલિત.
સરસ્વતીને સમર્પિત અમારું આ ગીત.

એકલવ્ય શા આદિવાસી વંચિત પિપાસિત
જ્ઞાન તણી ગંગા વહે અપરિમિત.
ચૈતન્યમયી વિદ્યાનૂપુર રણકતી પુલકિત,
વિકાસમંત્ર અમારો ''જનજનનું જીવન સંગીત.''
સરસ્વતીને સમર્પિત અમારું આ ગીત.

તારા અમારા ધ્રુવ પ્રહ્લાદ સમા પ્રકાશિત,
ઉજ્જવલ ચિત્ત અભય ઉન્નત અમિત.
ક્રિડાંગણે અગ્રીમ રત ઉત્સાહિત,
નવપલ્લવિત શમણાં અગણિત ફલિત.
સરસ્વતીને સમર્પિત અમારું આ ગીત.

ચીખલીથી કમલ મનોરમ યાત્રા લાભાન્વિત
અત્ર મુક જ્ઞાનયજ્ઞ સુરભિત પ્રજ્વલિત.
કલાકૌશલય સમસૂત્ર નિત નિત નવનીત,
કુલનાયિકા રચિત ''વિમલ'' ગીત - સંગીત.
સરસ્વતીને સમર્પિત અમારું આ ગીત.

Scanned with CamScanner




# સમગ્રતાલક્ષી વિકાસ



Scanned with CamScanner